નવરાતમાં અંબાજી ચોટીલા અને પાવાગઢના રૂટમાં ડેપો વધારાની એસટી બસો દોડાવશે

ગાંધીનગર, તા.૨૫

નવરાત પર્વ નો આજથી પ્રારંભ થશે માઈ ભક્તિ સાથે ગરબે રમવા માટે પણ ભાવિકો વિશેષ ઉત્સાહી બન્યા છે જયારે નવરાત્રીના દિવસોમાં અંબાજી ચોટીલા પાવાગઢ સહિતના શક્તિ પીઠ માં પણ ભાવિકો ની ભીડ જોવા મળે છે જેને ધ્યાન માં રાખી આ રૂટ માં ડેપો કક્ષા એ થી વધારાની બસ સેવા ઉપલબ્ધ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે

તેમને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે માટે આ દિવસો દરમિયાન વધારાની બસો નું સંચાલન પણ કરવામાં આવતું હોય છે. જે અંતર્ગત ગાંધીનગર ડેપો દ્વારા પણ મુસાફરની માંગને ધ્યાને રાખીને શક્તિપીઠ તરફના રૂટ ઉપર બસ દોડાવવામાં આવશે.

સમગ્ર રાજ્યમાં કોરોનાના કપરા કાળ બાદ બે વર્ષે નવરાત્રીના પાવન પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે સોમવારથી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે. જે માટેની તૈયારીઓ પણ ભાવિક ભક્તો દ્વારા કરી દેવામાં આવી છે. દસ દિવસ દરમિયાન પૂજા અર્ચનાની સાથે સાથે રાસ ગરબાની રમઝટ પણ બોલાવવામાં આવશે. તો બીજી તરફ નવરાત્રીના દિવસો દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકભક્તો દર્શનાર્થે શક્તિપીઠ તરફ જતા હોય છે. આમ દર વર્ષે આ દિવસો દરમિયાન ભક્તોને અવરજવરમાં સરળતા મળી રહે તે માટે ડેપો તંત્રો દ્વારા વધારાની બસો પણ દોડાવવામાં આવતી હોય છે. જે અંતર્ગત સોમવારથી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે દસ દિવસ સુધી ચાલનારા આ પર્વ દરમિયાન ગાંધીનગર શહેરમાં મુસાફરોની માંગને ધ્યાને રાખીને વધારાની બસ દોડાવવાનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે અંબાજી, ચોટીલા, પાવાગઢ તેમજ બહુચરાજી સહિતના રૂટમાં વધુ બસ દોડાવશે

નેશનલ ગેમ્સનું કાઉન્ટ ડાઉન.. ગુજરાતમાં પ્રથમ વખત યોજાઈ રહેલ નેશનલ ગેમ્સની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. રવિવારે સવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ સમયે સરકારના ઉચ્ચ સચિવો અને નેશનલ ગેમ્સ એસોસિયેશનના હોદ્દેદારો ઉપસ્થિત હતા. પ્રધાનમંત્રીના હસ્તે તા.૨૯મીએ મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે નેશનલ ગેમ્સનો પ્રારંભ થશે.

શહેર-જિલ્લામાં કોરોનાના નવા પાંચ કેસ નોંધાયા

ગ્રામ્યમાં કલોલ, દહેગામ અને ગાંધીનગરમાં એક-એક કેસ નોંધાયો : સે. ૬ અને સે. ૩૦માંથી કોરોનાનો એક-એક કેસ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩ અને ગાંધીનગર શહેરમાં કોરોનાના બે કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિએ તંત્રની ચિંતા વધારી છે. લોકલ ટ્રાન્સમિશનથી સતત કેસોમાં ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી રહી છે. લોકલ ટ્રાન્સમિશન સ્થિર થયુ હોય તેવુ ચિત્ર પણ ઉપસી રહ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસો સતત વધી રહ્યા છે. તેમાંય ખાસ કરીને અંતરિયાળ વિસ્તારમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ત્રણ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા ૩ કેસો ૬૦થી વધુ વયના છે. જિલ્લાના દહેગામ, ગાંધીનગર અને કલોલ તાલુકામાં એક-એક કેસ નોંધાયો છે.

દહેગામ તાલુકાના રખિયાલ ગામે ૮૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે ૬૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે કલોલ તાલુકાના ડિંગુચા ગામે ૮૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલા ૩ એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૫૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ બે કેસ નોંધાયા છે. આજે એક મહિલા દર્દી અને પુરૂષ દર્દી નોંધાયા છે.

શહેરના સે. ૮માં ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે સે. ૩૦માં ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ચોથી લ્હેરમાં હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત છે. રિકવરી રેટ પણ સારો નોંધાયો છે. જિલ્લામાં રિકવરી રેટ ૯૬ ટકાને પાર થયો છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અસરકારક મોનીટરીંગ થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય રહે તે માટે તંત્રએ સૂચનાઓ આપી છે.

સમાનતાના સન્માન માટે એલજીબીટીક્યુ સમુદાયની શહેરમાં પ્રાઈડ પરેડ યોજાઈ

સેક્ટર-૬ના મેદાનથી સે. ૧ના તળાવ સુધી પરેડનું આયોજન : રાજપીપળાના રાજકુંવર માનવેન્દ્રસિંહ પણ જોડાયા

ગાંધીનગર, તા. ૨૫

સમલૈંગિકતાનો મુદ્દો વિશ્વભરમાં હવે ચર્ચાઈ રહ્યો છે અને સમલૈંગિકો દ્વારા તેમજ સમાજમાં સમાન સ્થાન અને સન્માન મળે તે માટે દર વર્ષે પ્રાઈડ પરેડનું આયોજન કરે છે. આજે ગાંધીનગરમાં સેક્ટર-૬ ખાતેના મેદાનમાં સવારથી મોટી સંખ્યામાં એકઠાં થયેલાં એલજીબીટીક્યુ એટલે કે લેસ્બિયન, ગે, બાયોએક્યુઅલ, ટ્રાન્સજેન્ડર અને કિનર સમાજના વ્યક્તિઓએ સેક્ટર-૧ના તળાવ સુધીની પ્રાઈડ રાઈડનું આયોજન કર્યુ હતુ. આ પ્રાઈડ પરેડમાં બહુચર્ચિત રાજપીપળાના રાજકુંવર માનવેન્દ્રસિંહ ગોહિલ પણ જોડાયા હતા. રંગબેરંગી અને આકર્ષક પોશાકોમાં સજ્જ થઈને આવેલા એલજીબીટીક્યુ સમુદાયના નાગરિકોએ આ પરેડ દરમ્યાન વિવિધ સુત્રો લખેલાં પ્લે કાર્ડ્સ તમજ બેનર્સ પણ પ્રદર્શિત કર્યા હતા. આ પરેડ દરમ્યાન તેમણે હોમોસેક્યુઆલિટીને અપરાધ ગણતી કલમ ૩૭૭ને નાબુદ કરવાની માંગ કરી હતી.

આ પરેડમાં યુવા યુવતિઓની સંખ્યા નોંધપાત્ર હતી જેઓ પોતાને લેસ્બિયન કે હોમોસેક્યુસન તરીકે ઓળખ આપવાના સંકોચને ફગાવીને સમાનતાના હક્કને તરફેણ કરતી નજરે ચઢતી હતી. સમગ્ર પરેડને નિહાળીને શહેરીજનોને ભારે કૌતુક સાથે અચરજ થઈ રહી હતી તેમજ અનેક નાગરિકોએ તેમની માંગણીને સમજવા પણ પ્રયાસ કર્યો હતો.

કેજરીવાલે નરોડામાં એક ચૂંટણી સભા ગજવી

કેજરીવાલે સરકારી નોકરીઓ માટે જાહેર કર્યું ભરતી કેલેન્ડર

સરકાર બનતાં ફેબ્રુઆરીમાં તલાટીની પરીક્ષા કરાવીશું, તેનું એપ્રિલમાં પરિણામ અને ત્યારબાદ ભરતી કરીશું

અમદાવાદ, તા.૨૫

દિલ્લીના સીએમ અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ હાલમાં ગુજરાત પ્રવાસે છે. આજે તેમણે અમદાવાદના નરોડામાં એક ચૂંટણી સભા ગજવી હતી. આ દરમિયાન તેમણે ગુજરાતમાં સરકારી નોકરીમાં ભરતીને લઈને મહત્વની જાહેરાત કરી છે. આ મામલે અરવિંદ કેજરીવાલે ભરતી કેલેન્ડર વિશે પણ વાત કરી છે. અરવિંદ કેજરીવાલે ગુજરાતનું ભરતી કેલેન્ડર જાહેર કરતા જણાવ્યું હતું કે, અમે ડિસેમ્બરમાં સરકાર બનતાં ફેબ્રુઆરીમાં તલાટીની પરીક્ષા કરાવીશું, તેનું એપ્રિલમાં પરિણામ અને ત્યારબાદ ભરતી કરીશું. મે માસમાં ટેટ અને ટાટની પરીક્ષા જુલાઈમાં પરિણામ આપીશું. જે તે ઉમેદવાર પરીક્ષામાં પાસ થશે તેઓ જે માંગશે તે જિલ્લામાં પોસ્ટીગ અને પોસ્ટીગ બાદ જિલ્લાની ખાલી જગ્યા ચેક કરી બાકીની ભરતી કરાશે.

કેજરીવાલે જણાવ્યું હતું કે, આગામી વર્ષે નવેમ્બરમાં સબ ઈન્સ્પેક્ટર અને ઈન્સ્પેક્ટરની ભરતી થશે. વેઈટીંગ લિસ્ટ ઓપરેટ થશે. પહેલાં સિનિયર પોસ્ટ ભરાશે, ત્યારબાદ જુનિયર પોસ્ટ ભરાશે. એટલું જ નહીં, સ્પર્ધાત્તમક પરીક્ષા માટે ઉમેદવારો માટે બસમાં મફત મુસાફરીની પણ સુવિધા આપીશું. જ્યારે પ્રાઈવેટ સેક્ટરમાં ૮૦ ટકા રોજગાર ગુજરાતીઓની પહેલી પસંદ હશે.

ગુજરાતના તમામ યુવાનોને ૫ વર્ષમાં સરકારી નોકરીઓ આપવામાં આવશે તેવી કેજરીવાલે જાહેરાત કરી છે. આ ઉપરાંત તેમણે કહ્યું કે, જ્યાં સુધી નોકરીઓ નહીં મળે ત્યાં સુધી ૩ હજાર રૂપિયા બેરોજગારી ભથ્થું આપવામાં આવશે. ૧૦ લાખ સરકારી નોકરી આપવાની કેજરીવાલે જાહેરાત કરી છે. આ ઉપરાંત પેપર લીક થવા અંગે કડક કાયદો બનાવવાની પણ કેજરીવાલે જાહેરાત કરી છે.

વિજયાદશમી ઉત્સવ નિમિત્તે ગાંધીનગર ખાતે

આરએસએસના બાલ વિભાગ દ્વારા બાલ સંચલન-પરેડ તેમજ શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના બાલ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે વિજયાદશમી ઉત્સવ નિમિત્તે ૧૮૦ બાલ સ્વયંસેવકોનું ઘોષ એટલે કે બેન્ડ સાથે એક કિલોમીટર અંતરનું શિસ્તબદ્ધ રીતે ત્રિતતીમાં "બાલ સંચલન- પરેડ" યોજાયું હતું. આ પ્રસંગે તમામ સ્વયંસેવકો દ્વારા શસ્ત્ર પૂજન પણ કરવામાં આવ્યું હતું. કર્ણાવતી પૂર્વના જોઈન આરએસએસના સંયોજક અને મુખ્ય વક્તા રશ્મિકાંતભાઈ જોશીએ બૌદ્ધિક આપતા જણાવ્યું હતું કે દાનવ શક્તિ પર વિજય મેળવવાનો પર્વ એટલે વિજયાદશમી. આપણે હિન્દુ સમાજના વિજય- કલ્યાણ માટે સંગઠિત થવું જોઈએ. ભારતે સમગ્ર જીવ સૃષ્ટિના કલ્યાણની કલ્પના કરી છે. આપણે સમગ્ર વિશ્વના કલ્યાણ માટે કાર્ય કરી રહ્યા છીએ અને આપણે તેના જે ઘટક છીએ. તેમણે રાષ્ટ્રને કેન્દ્રસ્થાને રાખીને ભારત માટે ભારતમાં જ રહીને ભારતની પ્રગતિ- સેવા કરવા બાલ સ્વયંસેવકોને આહવાન કર્યું હતું. ભારતના મહાન વૈજ્ઞાનિક,ભારતરત્ન અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.અબ્દુલ કલામના જીવનમાંથી દેશ ભક્તિની પ્રેરણા લેવાનું શ્રેષ્ઠ ઉદાહરણ બાળકો સામે પ્રસ્તુત કર્યું હતું. તેમણે ભારતના વિવિધ રાજ્યોમાં હિન્દુ સમાજ ઉપર થતા અત્યાચાર સામે સંવેદના રજૂ કરીને તેની સામે પ્રતિકાર કરવા તૈયાર રહેવા કહ્યું હતું. વ્યક્તિ નિર્માણ થકી જ સમાજ -રાષ્ટ્ર નિર્માણનું કાર્ય સફળ થશે અને વ્યક્તિ નિર્માણ -ઘડતરનું કામ એટલે નિત્ય આરએસએસની શાખામાં. શાખામાં જવાથી આપણા શારિરીક-માનસિક વિકાસની સાથે રાષ્ટ્ર ભાવના પણ વિકસે છે ભારત માતાને પરમ વૈભવના સ્થાનને બિરાજમાન કરશે તેમ તેમણે ઉમેરીને સૌને વિજયાદશમી ઉત્સવની શુભકામનાઓ પાઠવી હતી.

વડાપ્રધાન મોદી સુરતમાં 'ખોજ મ્યુઝિયમ'નું ઉદ્ઘાટન કરશે

સુરત, તા.૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રના વિકાસ પર ભાર મૂકી રહી છે. રાજ્યના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન ક્ષેત્રે રસ અને રૂચિ વધે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ દિશામાં એક ડગલું આગળ વધતાં સુરત ખાતે એક નવીન મ્યુઝિયમનું ઉદ્ઘાટન થવા જઈ રહ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તારીખ ૨૯ સપ્ટેમ્બર ના રોજ સુરત ખાતે 'ખોજ મ્યુઝિયમ'નું લોકાર્પણ કરશે અને જાહેર જનતાને વિજ્ઞાન ક્ષેત્રે આ નવું નજરાણું સમર્પિત કરશે.

સુરત મહાનગરપાલિકાના નેતૃત્વ હેઠળ અને ગુજરાત સીએસઆર ઑથોરિટીના સંયુક્ત ઉપક્રમે તેમજ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ.ના ઝીઈ સમર્થનથી સુરતના સિટીલાઈટ રોડ સ્થિત સાયન્સ સેન્ટર સંકુલ ખાતે 'ખોજ- વિજ્ઞાન કળા નવીનીકરણ મ્યુઝિયમ' વિકસાવવામાં આવ્યું છે. ખાસ કરીને બાળકો માટે બનાવવામાં આવેલું આ મ્યુઝિયમ ઈન્ટરેક્ટિવ ડિસ્પ્લે, વિવિધ અન્વેષણ આધારિત પ્રવૃત્તિઓ અને જિજ્ઞાસા આધારિત સંશોધનો દ્વારા વિજ્ઞાન, કળા અને નવીનતાને જોડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ચૂંટણીપંચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતદારયાદીની પ્રસિદ્ધિ ૧૦મી ઓક્ટોબરના રોજ થવાની છે તે પ્રક્રિયા વિશે તેમજ ઈલેક્શન મેનેજમેન્ટ પ્લાનને લઈ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે પણ બેઠક કરશે તેમ જાણવા મળેલ છે. પંચ દ્વારા બીજા દિવસે પત્રકારો સાથે પણ ખાસ બેઠક યોજવામાં આવશે. પંચ દ્વારા આદર્શ આચારસંહિતાના પાલનની સાથે સાથે આ વખતે ચૂંટણી પ્રક્રિયાના મોનીટરીંગને પણ અસરકારક બનાવશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

કકળાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દંડનીય કાર્યવાહી કરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે પાણીના સપ્લાય માટે નવી લાઈન નાખવાનું કામ ચાલુ છે ત્યારે આ યોજના પૂર્ણ થતા વાર લાગશે આવા સંજોગોમાં હાલ પાણી ફોર્સ થી આવે તેવી વ્યવસ્થા ગોઠવાય તેમ પણ રજૂઆત માં જણાવાયું છે

પાઈપલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તથા બાસણમાં ૧૧.૧૫ લાખ લીટરનો સમ્પ, ૫.૫૮ લાખ લીટરની ઉંચી ટાકી દ્વારા પાણીનું વિતરણ કરવામાં આવનાર છે. પાટનગર માટે નર્મદાના પાણીના જથ્થામાં કાપ મુકાવાની કોઈ વાત કે શક્યતા નથી. કારણ કે ગત વષ૪ની સરખામણીમાં આ વર્ષે સારો વરસાદ પડતા પાણીની આવક પણ સારી થઈ છે

મારે આંગણે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ભાદરવી પૂનમના વેળા વેળાએ માઈભક્તો છડી પોકારતી હોય છે અને આસો મહિનાના પ્રારંભે શક્તિપર્વ એટલે શારદીય નવરાતનો આરંભ થતો હોય છે.

મા આદ્યશક્તિની આરાધનાનું અનોખુ ઘેલું બાળુડાઓમાં જોવા મળે છે અને એટલે આજે પણ ગ્રામ્ય વિસ્તારમાં ઘોર અંધારી રાતલડીમાં નિસર્યા વાર અસવારનો ગરબો મહિલાઓ ગાઈ અને માં ના ચારેય રૂપ અને ચાર અસવાર અર્થાત સિંહ, વાઘ જેવા પ્રાણીઓ પર સવાર થઈ માં બાળુડાઓની આસુરી શક્તિ સાઝ રક્ષણ આપવા આવે છે તેવો ભાવ આ ગરબામાં જોવા મળે છે.

ગાંધીનગર શહેરમાં ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. એમાં પણ ખાસ કરીને પરંપરાગત ડ્રેસો, રબારી ડ્રેસ, કચ્છની બાંધણીની ચણિયાચોળી, કેડિયું, ચોઈણો લેવા માટે બજારમાં સારી એવી ભીડ જોવા મળી હતી અને ભાડેથી પણ લેવા માટે લોકોનો બજારોમાં ભારે ધસારો જોવા મળ્યો હતો. કોરોના મહામારીના બે વર્ષના અંતરાલ બાદ આ વખતે જાહેરમાં નવરાતની ઉજવણી અને ગરબા જે ભારતનો સૌથી મોટો અને લાંબો ગરબા મહોત્સવ છે તેને માણવા ખેલૈયાઓ આતુરતાથી રાહ જોતા હતા તે પણ આવી પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં શેરી ગરબા ઉપરાંત જુદા જુદા પાર્ટી પ્લોટોમાં પણ આ વખતે ખેલૈયાઓ ગરબા રમવાનો એક અદમ્ય ઉત્સાહ ધરાવી રહ્યા છે. આજથી જ માઈક ટેસ્ટીંગના નામે છુટા છવાયા ગરબાઓમાં નાના ભૂલકાઓને જોઈ મોટેરાઓ પણ પોતાના મનને વાળી શક્યા નહોતા. ગરબામાં ગાંધીનગરની ઓળખ એ અનેરી રહી છે અને એમાંય પરંપરાગત પ્રાચીન ગરબાઓની વાત કંઈક નોખીજ રહી છે. સાથે અર્વાચીન ગરબાઓએ પણ એટલું જ આકર્ષણ મેળવ્યુ છે. જુદા જુદા ગરબા સ્ટેપ્સ, દોઢિયુની પ્રેક્ટિસ પણ આ વર્ષે વિવિધ બ્લોકોમાં આકર્ષણ જમાવ્યુ છે.

એરપોર્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે. જેમાં હું લોકોને કેટલીક બાબતો શેર કરવા વિનંતી કરું છું. છેવટે, આપણે ચિતાઓ સાથે જે ઝુંબેશ ચલાવીએ છીએ તેનું નામ શું હોવું જોઈએ? શું આપણે આ બધા ચિત્તાઓને નામ આપવાનું વિચારી શકીએ છીએ, તેમાંથી દરેકને શું કહેવામાં આવે છે?

પીએમ મોદીએ કહ્યું કે ચિત્તાનું નામ પરંપરાગત રાખવામાં આવે તો સારું રહેશે, કારણ કે આપણા સમાજ અને સંસ્કૃતિ, પરંપરા અને વારસા સાથે જોડાયેલી કોઈપણ વસ્તુ આપણને કુદરતી રીતે આકર્ષે છે. એટલું જ નહીં, તમારે એ પણ જણાવવું જોઈએ કે માણસોએ પ્રાણીઓ સાથે કેવું વર્તન કરવું જોઈએ! આપણી મૂળભૂત જવાબદારીમાં પણ પ્રાણીઓ પ્રત્યે આદર જોવા મળે છે. હું તમને બધાને અપીલ કરું છું કે તમારે આ સ્પર્ધામાં ભાગ લેવો જ જોઈએ - શું તમે જાણો છો કે તમને ઈનામ તરીકે ચિત્તા જોવાની પ્રથમ તક જ મળે છે!

પીએમ મોદીએ કહ્યું કે ૨૮ સપ્ટેમ્બરે અમૃત મહોત્સવનો ખાસ દિવસ આવી રહ્યો છે. આ દિવસે આપણે ભારત માતાના બહાદુર પુત્ર ભગતસિંહજીની જન્મજયંતિ મનાવીશું. અમે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ચંદીગઢ એરપોર્ટનું નામ હવે શહીદ ભગત સિંહના નામ પર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની લાંબા સમયથી રાહ જોવાતી હતી. દર સપ્તાહે રવિવારે પ્રધાનમંત્રી મોદી મનકી બાતમાં વિવિધ સાંપ્રદ મુદ્દાઓ પર પોતાના મનની વાત કરતા હોય છે. અને સમાજના વિવિધ તબક્કાને સ્પર્શતી વાત એમાં કરતા હોય છે. ક્યારેય કંઈક નવી જાહેરાત પણ આ માધ્યમ થકી કરતા હોય છે. આજે પીએમ મોદીએ મનકી બાતમાં દેશના સ્વતંત્ર સેનાનીઓ અને શહીદોની શહાદતને વિશેષરૂપથી યાદ કરી. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, હવેથી ચંદીગઢ એરપોર્ટનું નામ શહીદ ભગતસિંહના નામે ઓળખાશે.

પીએમ મોદીએ મનકી બાતમાં શહીદ ભગતસિંહનો ઉલ્લેખ કરીને એમ પણ કહ્યું કે, એરપોર્ટના નામાંકરણને લઈને લાંબા સમયથી આ અંગે વિચારણા ચાલતી હતી. હવે સરકારે નિર્ણય કર્યો છેકે, શહીદ ભગતસિંહે દેશ માટે આપેલાં બલિદાનના સન્માનમાં ચંદીગઢ એરપોર્ટને તેમનું નામ આપવામાં આવે. ચંદીગઢ એરપોર્ટનું નામ હવે શહીદ ભગતસિંહના નામ પરથી રાખવામાં આવશે. સ્વતંત્રતા સેનાનીઓથી પ્રેરણા લઈને આપણે તેમના આદર્શોને જીવનમાં ઉતારવાની જરૂર છે. તેમના નામ પરના સ્મારકો આપણને કર્તવ્ય માટે પ્રેરણા આપે છે. થોડા દિવસો પહેલાં નેતાજી સુભાષચંદ્ર બોસના નામે સ્મારક બનાવાયું છે.

કાયદો અને કાનૂન

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઉત્પાદન કરતી કંપનીઓમાં માંસાહારી ખોરાક કેવી રીતે બનાવ્યો હલાલા કે ઝટકાથી તે લખાણ મુસ્લિમ સંસ્થાઓએ ધર્મનાં નામે ફરજીયાત કરેલ છે. તેથી ભારતમાં માંસાહારી પદાર્થોનું ઉત્પાદન તથા વેચાણ કરતી કંપનીઓ મજબૂરીમાં આવું લખાણ તેનાં ઉત્પાદન ઉપર લખી અને ત્યારબાદ વેચાણ કરે છે.

આ કોઈ શાકાહારી વિરૂધ્ધ માંસાહારી નો મુદ્દો નથી, કારણ કે બધા ધર્મોમાં બંને પ્રકારનાં લોકો હોય છે. તેથી આ ચર્ચાનું કેન્દ્ર બિંદુ હલાલને કારણે ઝટકા ખાનારા ધર્મોનાં લોકોનાં અધિકારોનાં ઉલ્લંઘન સાથે સંબંધિત છે. મુસ્લિમોના ધાર્મિક ગ્રંથોએ તેમને ફક્ત હલાલ માંસ ખાવાનું કહ્યું છે. જેમાં શરિયા મુજબ પ્રાણીની હત્યા કરતા પહેલા ''બિસ્મિલ્લાહ'', ''અલ્લાહુ અકબર'' નામ લેવું ફરજીયાત છે. જો પ્રાણીની હત્યા કરતી વખતી અલ્લાહનું નામ ન લેવામાં આવે તો તે માંસ હરામ એટલે કે ગેરકાયદેસર તે થાય છે.

બિન ઈસ્લામિક ધર્મોમાં હલાલ માંસનું સેવન પ્રતિબંધિત છે. જેમકે, શીખ ધર્મમાં ફક્ત ઝટકા માંસ સ્વીકારવામાં આવે છે, કારણ કે તેમની ધાર્મિક માન્યતા અનુસાર કુઠા એટલે મુસ્લિમો દ્વારા તૈયાર કરેલું માંસ તેમના માટે પ્રતિબંધિત છે. ભારત સહિત વિશ્વભરમાં મોટાભાગની મોટી રેસ્ટોરાં, ઓનલાઈન ડિલિવરી સેવાઓ, રેલવે અને હવાઈ મુસાફરીમાં મળતા માંસાહારી ખોરાકમાં હલાલ માંસનો જ ઉપયોગ કરવામાં થાય છે. આ સંદર્ભમાં, હલાલ અને ઝટકા ઓળખવા માટે કોઈ અલગ નિશાની અથવા નિશાન નથી.

આ રીતે, શીખ અને અન્ય ધર્મોનાં લોકોને બળજબરીથી હલાલ માંસ ખાવાનું પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. હકીકતમાં આ માટે જવાબદાર, ભારત સરકારની અવગણના પણ છે, કારણ કે ઈન્ડીયા ટૂરિઝમ ડેવલોપમેન્ટ કોર્પોરેશન, એર ઈન્ડીયા અને રેલ્વે કેટરીંગમાં હલાલ પ્રમાણિત ખોરાક આપતી કંપનીઓ સાથે કરાર કરવામાં આવ્યા છે. મુસ્લિમ ધાર્મિક સંસ્થાઓ હલાલા સર્ટિફિકેટ લેવા માટે ફરજીયાત કરેલ છે. જે ભારતીય બંધારણ તેમજ ફૂડ એન્ડ ડ્રગ્સ એકટમાં ક્યાય તેની જોગવાઈ કરવામાં આવેલ નથી. તે સત્ય હકિકત છે.

હલાલા સર્ટીફિકેશન આપતી કંપની તથા સંગઠનો તથા ઈસ્લામિક ફૂડ એન્ડ ન્યુટ્રેશન કાઉન્સિલ ઓફ અમેરીકાઁ(હ્લદ્રઝછ)ની વર્ષે ૨૦૧૮ની કુલ આવક ૧૭,૩૮૧,૫૯૬ ડોલર હતી. જેની આવક અન્ય સંગઠનોને સહાય આપવામાં વાપરવામાં આવે છે. ટેરર ફંડ વિરૂધ્ધ પી.આઈ.એફ.ની તાજેતરની રેડમાં પણ આ વાતનો ઘટસ્ફોટ થયેલ છે. હાલમા, હલાલા નોંધણી કરનાર પ્રોડક્ટની સંખ્યા ૧૨૦૦ થી વધુ છે. ઈસ્લામિક દેશોમાં વેપાર કરવા માટે હલાલા સર્ટીફિકેટ ફરજીયાત બનાવેલ છે. જેનો ખર્ચ કંપનીને પ્રતિવર્ષ ૨૦,૦૦૦ ડોલર જેટલો થાય છે. હલાલા એ હિન્દુ રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને અંખડતતાને ખંડિત કરી શકે છે. હલાલને લોકશાહી મૂલ્યો અને બંધારણમાં વિશ્વાસ દ્વારા પ્રતિક્રીયા આપી શકાય છે. બિન-મુસ્લિમોને હલાલ માલનું વેચાણ ગેરકાયદેસર અને બંધારણની વિરૂધ્ધ છે. બિન મુસ્લિમોની શ્રધ્ધા અને ભાવનાઓનું ઉલ્લંઘન કરે છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in